મધુર ડેરીમાં પરિવર્તન પેનલનો વિજય નિશ્ચિત : ચેરમેન ભીંસમાં

મધુર ડેરીની સાધારણ સભામાં ૬૪ સભાસદોએ ગેરહાજર રહી પરિવર્તન પેનલને સમર્થન જાહેર કર્યું

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ એટલે કે, મધુર ડેરીની આજે મળેલી વાર્ષિક સાધારણ સભામાં ૬૪ જેટલા સભાસદોએ ગેરહાજર રહી વર્તમાન વહીવટકર્તાઓના ગેરવહીવટ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. જ્યારે પરિવર્તન પેનલનો જુસ્સો જોઈ ડઘાઈ ગયેલા મધુર ડેરીના ચેરમેનશ્રી શંકરસિંહ રાણા દ્વારા બોગસ અને ડુપ્લીકેટ સભાસદો હાજર રાખી ૫૦ જેટલી સંખ્યા બતાવવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો હતો.

ગાંધીનગર નજીક સેન્ડી ફાર્મમાં ૨૯મીને ગુરૂવારે મધુર ડેરીના ચૂંટણી જંગ માટે સહકારી આગેવાનોની ખાસ મીટીંગ યોજાઈ હતી. જેમાં જિલ્લાના ૪૦૦ જેટલા સહકારી આગેવાનો સાથે ૬૪ મતદાર સભાસદોએ પરિવર્તન પેનલને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું. જ્યારે સહકારી આગેવાનોએ મધુર ડેરીમાં અત્યારના ગેરવહીવટને અટકાવવા પરિવર્તન પેનલને જંગી બહુમતીથી વિજય બનાવવા તન, મન, ધનથી મદદ કરવા હાંકલ કરી હતી. આ પ્રસંગે મધુર ડેરીના આજની સાધારણ સભાનો બહિષ્કાર કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો.

જેના અનુસંધાનમાં મધુર ડેરીની સાધારણ સભામાં ૬૪ જેટલા સભાસદોએ ગેરહાજર રહી ચેરમેનશ્રી શંકરસિંહ રાણાના ગેરવહીવટ સામે રોષ વ્યક્ત કર્યો હતો જ્યારે સમગ્ર પરિસ્થિતિથી ડઘાઈ ગયેલા શ્રી રાણાએ બોગસ અને ડુપ્લીકેટ સભાસદો ઉભા કરી પોતાનું નાક બચાવવા પ્રયાસ કર્યો હતો. આ સભાના સમાચારથી દરેક ગામમાં ખુશીની લાગણી પ્રસરી જવા સાથે પરિવર્તન પેનલને વિજયી બનાવવા શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા મોંઘવારીનો વિરોધ કરવા માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

રેતીના ડમ્પર દ્વારા વધુ એક અકસ્માત

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર-મહુડી રોડ પર આજે સવારે એક ડમ્પર ઝાડ સાથે ધડાકાભેર ટકરાતા એક વ્યકિતને ઈજા થઈ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસમાં ડમ્પર ચાલકો ૧૨ થી પણ વધુ અકસ્માત નોતરી ચુકયા છે. હજી પણ તંત્રની જાણે બીક ન હોય તેમ માતેલા સાંઢની જેમ ટ્રકો દોડાવીને નિર્દોષ લોકોનો ભોગ લઈ રહ્યા છે ત્યારે તંત્ર પણ જાણે કોઈ મોટા અકસ્માતની રાહ જોતું બેઠું હોય તેમ લાગી રહ્યું છે. બેફામ ગફલતભરી રીતે ડમ્પરો ચલાવી નિદોર્ષ લોકોનો ભોગ લઈ રહેલા ડમ્પર ચાલકો વિરુધ્ધ તાત્કાલિક લાલ આંખ કરવાની જરૂર છે. ગાંધીનગર શહેર નજીક પેથાપુર પોલીસ સ્ટેશનની હદમાં ગાંધીનગર-મહુડી રોડ પર આજે સવારે ૭.૩૦ કલાકના અરસામાં મહુડી તરફથી ડમ્પર નં. જીજેયુ-૭૭૭૦ના ચાલકે ગફલતભરી રીતે હંકારતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતી લીમડાના તોતિંગ ઝાડ સાથે ટકરાયું હતું.

આ અકસ્માત સર્જી ડ્રાઈવર ભાગી છુટયો હતો. પણ અંદર બેઠેલો કંડકટર રજનીકાંત એવી રીતે ફસાઈ ગયો હતો કે તેને બહાર કાઢવા માટે ગાંધીનગર ફાયર બ્રિગેડ અને અમદાવાદ સાબરમતી ફાયરબ્રિગેડની રેસ્કયુ ટીમે ભારે જહેમત ઉઠાવી હતી અને તેને બહાર નિકાળવામાં સફળતા મેળવી હતી. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતની જાણ પેથાપુર પોલીસને થતા ઘટના સ્થળે દોડી આવી હતી અને યોગ્ય કાર્યવાહી શરુ કરી હતી.

આજે સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨ ઉની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨ ઉના પ્રમુખ નરેન્દ્ર વ્યાસે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૧-૧૨ ના વાર્ષિક હિસાબના વાંચન અને બહાલી માટે, તેમજ ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષ માટે પ્રમુખ-મંત્રી અને અન્ય હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવા અંગેની ચર્ચા-વિચારણા કરવા આજે તા. ૧લી જુલાઈ-૨૦૧૨ ને રવિવારે બપોરે ૪.૩૦ કલાકે પ્રાથમિક શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે સામાન્ય બેઠક યોજાશે. બેઠકમાં સેક્ટર-૨ ઉના બ્રહ્મ પરિવારના ભાઈઓ, વડીલોને હાજર રહેવા ખાસ જણાવાયું છે.

ગાંધીનગરની વિરાંગનાઓનું સન્માન કરતું વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ

ગાંધીનગર, તા.૩૦

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી જેમાં ગાંધીનગરની બે વિરાંગનાઓના 'મહિલા શૌર્ય સન્માન' કરવામાં આવ્યું હતું. ધોળે દિવસે ખુંખાર હુમલાખોર ખૂની હુમલા સામે ઝઝુમનાર નીતાબેન ભટ્ટ અને મદદે આવનાર મંજુલાબેન પંચાલને ડી.એસ.પી. અર્ચના શિવહરે અને વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ સંવર્ધક 'બ્લુકોટ પરિવાર'ના અનુસૂયાબેન દલાલ અને એડવોકેટ ગાયત્રીબેન વણઝારા, ટ્રસ્ટના નિયામક મંડળ આજીવન સભ્યો સહિત ૫૦ જેટલા નગરજનોની ઉપસ્થિતિમાં સ્મૃતિ ચિહ્નો અને સન્માનપત્રો અર્પણ કર્યા હતા.

અ પ્રસંગે ટ્રસ્ટની મહિલા શક્તિને બિરદાવવાનો પ્રેરણાદાયી અભિગમ વરિષ્ઠ કલ્યાણ ગ્રંથ. ગાંધીનગર સમાચાર, દુરદર્શન, મિડિયાએ વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટની પ્રવૃતિને જાહેરમાં વાચા આપી બિરદાવી તે કામગીરીને બિરદાવી હતી. મહેમાનો ઉપરાંત બિપીનચંદ્ર વૈષ્ણવ, (આઈ.એ.એસ.) સતિશભાઈ પટેલ સાહિત્યકાર કિશોર જિકાદરા, શિવશંકર દવે, મણીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સભાની શરૂઆત નારાયણભાઈ પટેલના શ્લોક ગાનથી થઈ. મહેમાનોનું સ્વાગત કુંવરજીભાઈ પટેલ અને આભારવિધિ ઈનાયત અલી શૈયદે કરી હતી. ટ્રસ્ટના પ્રમુખ અમૃતભાઈ મોઢે સંસ્થાકીય પ્રવૃતિઓની જાણકારી આપી હતી. સભાનું સંચાલન સાહિત્યકાર ભરતભાઈ કવિએ કર્યું હતું.

રામજી મંદિર વાવોલમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

આધ્યાત્મિક જગતમાં દરેક સંપ્રદાયમાં ગુરુ મહત્વના દર્શન કરાવતો ભવ્ય પ્રસંગ એટલે ગુરુ પૂર્ણિમા. ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે આવેલા રામજી મંદિરમાં પ.પૂ. મધુસુદન બાપુના સાનિધ્યમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૩જી જુલાઈ-૨૦૧૨ ને મંગળવારે ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવશે.

ગુરુ પૂર્ણિમા પ્રસંગે સવારે ૫.૩૦ કલાકે મંગલા આરતી, સવારે ૯ કલાકે ધ્વજા પૂજન, સવારે ૧૦ કલાકે પાદુકા પૂજન, સવારે ૧૦.૩૦ કલાકે નવા શિષ્યોને દિક્ષા ગ્રહણ કરાવાશે અને ગુરૂપૂજન તથા આરતી કરવામાં આવશે. ગુરુપૂર્ણિમા નિમિત્તે વાવોલના નટુભાઈ છનાભાઈ પટેલ ભોજનદાતા બન્યા છે.

માહિતી ખાતાની સમાચાર સાખામાં ફરજ બજાવતા સહાયક માહિતી નિયામક શ્રી વિનોદ રાઠોડ અને વાહનચાલક શ્રી મંગલસિંહ ચૌહાણ વય નિવૃત્ત થતા તેમને શાખા દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી. આ વિદાય સમારંભના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેલા માહિતી કમિશનરશ્રી ડૉ. વી. થીરૂપુગલે જણાવ્યું હતું કે, સરકારી સેવામાંથી નિવૃત્તિ પછી પણ પ્રવૃત્તિમય જીવનની શ્રેષ્ઠ તક રહેલી છે. તેમણે જણાવ્યું હતું કે, આ તકનો ઉપયોગ કરી દરેક વ્યક્તિને 'આત્મ નિવૃત્તિ'ને સાધવી જોઈએ. શ્રી થીરૂપુગલે પરમાત્માની પ્રાપ્તિ માટે આત્મ નિવૃત્તિના આત્માનંદજીના ઉપદેશને દોહરાવ્યો હતો અને નિવૃત્ત થતા બંને કર્મચારીઓને નિરામય જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

સગીરા પર બળાત્કાર ગુજારવાના કેસમાં આરોપીને ૭ વર્ષની કેદ

સે. ૨૮ ચરેડી છાપરામાં રહેતી સગીરાને આરોપી લલચાવી ફોસલાવી લઈ ગયો હતો

ગાંધીનગર, તા. ૩૦

સે. ૨૮માં રહેતી સગીરાને લલચાવી-ફોસલાવી તેણીનું અપહરણ કરી બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૭ વર્ષની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

સે. ૨૮ ચરેડી છાપરામાં રહેતી ૧૪ વર્ષની કિશોરીનું પેથાપુરના આરોપી બલરામ બાબુભાઈ ઠાકોરે વાલીપણામાંથી અપહરણ કર્યું હતું. તેણીને લલચાવી ફોસલાવી આરોપી સિદ્ધપુર તાલુકાના નાગણદાણ ગામમાં લઈ ગયો હતો. જયાં આરોપીએ સગીરા પર બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે સે. ૨૧ પોલીસમથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આરોપી વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. આ કેસ ગાંધીનગરની એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે સમાજમાં બળાત્કારના ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. આરોપીએ સગીર વયની છોકરી પર બળાત્કાર ગુજાર્યો છે જેથી તેને સમાજમાં દાખલો બેસે તેવી કડક સજા કરવી જોઈએ જેને ધ્યાને લઈ એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ એસ.કે. બક્ષીએ આરોપીને ૩૭૬ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૭ વર્ષની સજા તેમજ રૂ. ૫ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે.

આજે રાષ્ટ્રીય સમાજવાદી પક્ષની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩૦

રાષ્ટ્રીય સમાજવાદી પાર્ટીની ખાસ સભા તા. ૧ જુલાઈના રોજ બપોરે ૩.૦૦ વાગે નગરપાલિકા ભવન ગાંધીનગરમાં યોજેલ છે. આગામી વિધાનસભાની ચૂંટણીના અનુસંધાને રાખેલ છે. જેના વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોની પસંદગી અને જાહેરાત કરાશે. મુખ્ય અતિથિ તરીકે ઓલ ઈન્ડિયા પ્રેસિડેન્ટ એસ.યુ.ચતુર્વેદી ભાગ લેશે. જનતાના હિતના કાર્યક્રમો તૈયાર કરવામાં આવશે.

...ને માનસિક વિશિષ્ટ બાળકોનો ગરબા કાર્યક્રમ ગાંધીનગર માટે પરંપરા બની ગયો

'મારે મેન્ટલી સ્પેશિયલ બાળકો માટે ગરબાનો કાર્યક્રમ કરવો છે.'

'ગૂડ. કરો.'

'પણ એમાં સહાય જોઈશે.'

'મળી જશે.'

'અને મેનેજમેન્ટ પણ આપણે જ કરવું પડશે.'

'કરી લઈશું.'

'આ નવરાત્રીએ જ કાર્યક્રમ કરવો છે ને સફળ થઈએ તો દર નવરાત્રીએ એ થાય એવું આયોજન કરવું છે.'

'થઈ જશે.'

આ સંવાદ આમ નગરના ચાર યુવાન મિત્રો વચ્ચે થયો હતો પણ એ ચારેય હતા એક જ સેવા સંસ્થાના સભ્યો અને સંસ્થાની મિટીંગમાં બેઠા હતા એ નાતે આ વાર્તાલાપ એક સંસ્થાના કાર્યાલયમાં થયો એમ કહી શકાય. ખેર, વાર્તાલાપમાં જેમ નિર્ણય થયો તેમ નવરાત્રી દરમ્યાન આ કાર્યક્રમ કરવાનું તેમણે નક્કી કર્યું. કાર્યક્રમ નવો હતો. માનસિક વિશિષ્ટ બાળકો માટે ગરબાનો કાર્યક્રમ યોજવાનો હતો, જે આજ પહેલાં આ નગરમાં થયું ન હતું.

વર્ષ હતું ૨૦૦૫નું. આ વિચાર જેના મનમાં આવ્યો એ યુવાન હતો સેક્ટર-૫ એ નો રહેવાસી જિજ્ઞેશ વસંતભાઈ રાવલ. અને એને આ વિચાર એટલા માટે આવ્યો હતો કે એણે આ ક્ષેત્રમાં અભ્યાસ કર્યો હતો. સાયકોલૉજી સાથે ગ્રેજ્યુએશન પછી માનસિક વિશિષ્ટ બાળકોને તાલીમ આપવા માટેનો ખાસ કોર્સ તેણે કર્યો અને આ ક્ષેત્રમાં પ્રવૃત્ત પણ થઈ ગયો.

પોતે જે યુવા કલાકારોની સંસ્થામાં સભ્ય હતો એ સંસ્થા મુજબ તેણે આ કાર્યક્રમ કરવા માટે પ્રસ્તાવ મૂક્યો. સંસ્થા પણ યુવા કલાકારોની બનેલી - જી ઈ ક્લબ. એટલે નવી વાતોને હંમેશા આવકાર. નક્કી થઈ ગયું કાર્યક્રમ કરવાનું, એટલું જ નહીં આ ક્ષેત્રમાં કામ કરવા માટે જિજ્ઞેશ રાવલના નામે એક નવી સંસ્થાનું નામકરણ પણ ત્યાં જ થઈ ગયું. નામ અપાયું 'ગ્રો' (ગ્લોબલ રિહેબિલીટેશન ઓરિએન્ટેડ વર્કર્સ).

કાર્યક્રમનો વિચાર તો શ્રેષ્ઠ હતો જ એટલે એને સહાય ન મળે તો જ નવાઈ. સેક્ટર-૫ એ નવરાત્રી ઉજવણી સમિતિએ આ કાર્યક્રમ પોતાને આંગણે યોજવાની સંમતિ આપી દીધી. જુનિયર સિટીઝન્સ કાઉન્સીલે વિશિષ્ટ બાળકો માટે ટ્રાન્સપોર્ટેશનની સેવા આપવાની તૈયારી બતાવી. નગરના અગ્રણી એડવોકેટ શંકરસિંહ ગોહિલ, વ્યવસાયી શરદભાઈ વ્યાસ, કલાકાર આશાબેન સરવૈયા, શિક્ષક ઈન્દુમતિ નિમાવત અને આયોજક સંસ્થાના અનેક પરિચિતોએ આર્થિક સહાય આપી. પાર્શ્વ સ્ટેશનર્સના હેમંતભાઈએ બાળકોને ભેટ આપવા એજ્યુકેશન કીટ આપવાની તૈયારી બતાવી.

આમ સરવાળે થયું એવું કે માત્ર આયોજન જ જી ઈ ક્લબને ભાગે આવ્યું. બાકી બધી જવાબદારી તો અન્ય વ્યક્તિઓ અને સંસ્થાઓએ ઉપાડી લીધી. એ પછી કાર્યક્રમ થયો અને થયો તો એવો જબરદસ્ત થયો કે એનું નામ ગાંધીનગરના ઈતિહાસમાં લખાઈ ગયું.

સેક્ટર-પના વસાહતીઓએ આ કાર્યક્રમ દરમ્યાન વિશિષ્ટ બાળકો માટે જે લાગણી દર્શાવી હતી એ ક્યારેય નહીં ભૂલી શકાય. બાળકોના હાથમાં સમાય નહીં એટલી ભેટસોગાદોનો ઢગલો એમણે આ પ્રસંગે કરી દીધો હતો અને આ બાળકોને પહેલીવાર પોતાની વચ્ચે જોયા પછી અનેક મહિલાઓની આંખોમાં તો આંસૂ આવી ગયા હતા.

સરવાળે ધામધૂમથી 'ગ્રો' સંસ્થાએ પોતાના કામકાજનો આરંભ કર્યો. અલબત્ત, નવરાત્રી પ્રસંગે આ સ્પેશિયલ બાળકોના ગરબાનો કાર્યક્રમ યોજવાનો ઉપક્રમ આજેય અખંડ છે. બીજા વર્ષથી તો આ કાર્યક્રમ માટે સ્થળ આપવાની જવાબદારી ગાંધીનગર કલ્ચરલ ફોરમે ઉપાડી લીધી અને કાર્યક્રમ માટે સહાય આપનારાઓ હવે એટલા વધી ગયા છે કે એમનુંય વેઈટીંગ લિસ્ટ છે ! (કોઈ સેવાકાર્ય માટે સહાય કરવાય લોકો વેઈટીંગ લિસ્ટમાં નામ નોંધાવે ! ઈટ હેપન્સ ઓન્લી ઈન ઈન્ડિયા !)

ગ્રોના ઉપક્રમે પછી તો વિશિષ્ટ બાળકોના વાલીઓની નિયમિત માસિક બેઠકનું પણ આયોજન કરાયું, જે કારણે આવા વાલીઓ સંગઠિત થયા અને બાળકોની વિશિષ્ટ તાલીમ માટે એકમેક સાથે ચર્ચા પણ કરી શક્યા. આ વાલીઓ દ્વારાય એક સંસ્થાની રચના કરવામાં આવી, જે અંગેની વિગતો સ્વતંત્ર લેખમાં. પણ અહીં માત્ર એટલું જ કે અચાનક આવેલો એક સારો વિચાર પણ પરંપરા બની શકે છે. જરૂર છે વિચારને અમલમાં મૂકવાની.

સંબંધ સજાવે જિંદગી

હરતા - ફરતા સાવ અચાનક

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

કોઈ સેવાકાર્ય માટે સહાય કરવાય લોકો વેઈટીંગ લિસ્ટમાં નામ નોંધાવે ! ઈટ હેપન્સ ઓન્લી ઈન ઈન્ડિયા !

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭

સૂર્યાસ્ત : ૭.૨૯

તાપમાન

મહત્તમ : ૩૮.૭ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૭ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

મેક્ષીમમ : ૧.૧૫, ૩.૩૦, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન (અંગ્રેજી): ૫.૩૦

: સ્ક્રીન-૩ :

ફરારી કી સવારી : ૧૧.૩૦

તેરી મેરી કહાની : ૨.૧૫, ૪.૩૦, ૧૦.૦૦

રાઉડી રાઠોડ : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

મેક્ષીમમ : ૧૦.૦૦

ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

તેરી મેરી કહાની : ૨.૦૦

રાઉડી રાઠોડ : ૪.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કેવી રીતે જઈશ : ૮.૦૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૩ :

મેક્ષીમમ : ૯.૦૦, ૪.૪૫

તેરી મેરી કહાની : ૧૧.૦૦

ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧.૩૦, ૯.૩૦

રાઉડી રાઠોડ : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

ફરારી કી સવારી : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

રાઉડી રાઠોડ : ૧૨.૦૦

તેરી મેરી કહાની : ૫.૩૦, ૧૦.૪૫

સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

લવ- સેક્સ ઔર મલ્ટીપ્લેક્ષ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આપનો દિવસ મનોરંજનમાં સમય પસાર થઈ શકે છે. કોઈપણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળી રહેશે. સંતાન સંબંધી સમસ્યાઓ દુર થાય.

વૃષભ : આપના પુરુષાર્થનું પરિણામ તુરત મળી શકે છે. સમયના સદુપયોગથી આકાંક્ષાઓની પૂર્તિ થવાની સંભાવના છે. પિતાથી વ્યાવસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે.

મિથુન : સ્વાધ્યાયાની રુચિમાં વધારો થશે. સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ બની રહ્યા છે. દિવસ સાનુકૂળ રહી શકે છે. સમય શુભ.

કર્ક : ઉદર સંબંધી સમસ્યાઓ થઈ શકે છે. રોજગારક્ષેત્રમાં આવનાર દિવસોમાં આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. નકામાં વાદ- વિવાદોથી દુર રહેવું હિતાવહ છે. નોકરો પર અતિવિશ્વાસ ઠીક નથી.

સિંહ : આજે નવા સંબંધો બંધાઈ શકે છએ. સત્સંગમાં ભાગ લેવાનું થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતકારક છે. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

કન્યા : નોકરી- વ્યવસાયને લઈને યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

તુલા : સામાજિક- રાજકીયક્ષેત્રમાં લાભ થવાની સંભાવના છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રઓમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : આપના અટવાયેલા કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. નોકરીમાં ઉચ્ચ અધિકારીઓનો સહયોગ પ્રાપ્ત થઈ શકે છે. ધર્મમાં આસ્થાનો વધારે થશે. આર્થિક ક્ષેત્રે લાભનો માર્ગ મોકળો થઈ શકશે.

ધન : ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનું થઈ શકે છે. ભૌતિક સુખ સુવિધામાં વધારો થતો જણાય. વિદ્યાર્થીઓનું મન ભણવામાં લાગશે. કૌટુંબિક ઉદભવેલા મતભેદોનું નિરાકરણ આવી શકે છે.

મકર : રોજગાર- વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

કુંભ : નોકરી- વ્યાપાર, વ્યવસાય, વેપારના ક્ષેત્રમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. આવક કરતાં વધુ ખર્ચ ન થાય તેની કાળજી રાખવી છે.

મીન : અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષની લાગણી પ્રાપ્ત થવાની સંભાવના છે. કૌટુંબિક ઉદ્ભવેલા પ્રશ્નોનું આજે નિરાકરણ આવી શકે છે. વ્યાપાર- વ્યવસાયિકક્ષેત્રે સ્થિતિ સુધારો થવાની સંભાવના છે.